ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

પંચમહાલ-દાહોદ

૩૫૦થી વધુ પંચાયતોમાં ચૂંટણીની શક્યતા

દાહોદ જિલ્લામાં ગ્રામ પંચાયતની ચૂંટણીના પડઘમ

બેલેટ પેપર અને રાજકીય પક્ષોનાં ચૂંટણી ચિહ્નો અંગે પણ અટકળો તેજ

(પ્રતિનિધિ) દાહોદ તા.24

દાહોદ જિલ્લામાં આગામી ગ્રામ પંચાયતની ચૂંટણીઓને લઈને રાજકીય વર્તુળોમાં અત્યારથી જ હલચલ તેજ બની છે. જિલ્લાના ૬૩૩ ગ્રામ પંચાયતો પૈકી આશરે ૩૫૦થી વધુ પંચાયતોની મુદત આગામી ફેબ્રુઆરી મહિનામાં પૂર્ણ થતી હોવાથી ડિસેમ્બરથી ફેબ્રુઆરી દરમિયાન ચૂંટણી યોજાય તેવી શક્યતાઓનેલઈનેચર્ચાઓ શરૂ થઈ છે. જોકે, ચૂંટણીની સત્તાવાર તારીખો અને પ્રક્રિયા અંગે રાજ્ય જોવાઈ રહી છે. ત્યારે આગામી પંચની જાહેરાતની રાહ ગામ પંચાયતની ચૂંટણીઓ બેલેટથી મતદાન કરનારા અનેક યુવા પેપરથી યોજાશે. જેમાં પ્રથમ વખત મતદારોને ઈવીએમના બદલે મતપત્ર દ્વારા મતદાન કરવાની અનુભવ મળી શકે છે. બીજી તરફ, ગ્રામ પંચાયતની ચૂંટણી અત્યાર સુધી બિનપક્ષીય ધોરણે યોજાતી આવી છે. ત્યારે આગામી ચૂંટણીમાં રાજકીય પક્ષોનાં ચૂંટણી ચિહ્નોનો ઉપયોગ થશે કે કેમ તે અંગે પણ અટકળો ચાલી રહી છે. આ મુદ્દે સત્તાવાર નિર્ણય જાહેર ન થાય ત્યાં સુધી તેને સંભાવના તરીકે જ જોવો જરૂરી છે. એક તરફ ચૂંટણીની તૈયારીઓ અંગે ચર્ચાઓ તેજ બની રહી છે, તો બીજી તરફ ચૂંટણી સમયસર યોજાશે કે મુલતવી રહેશે તે અંગે પણ પ્રશ્નો ઊભા થયા છે. રાજકીય વિશ્લેષકોના મતે, અગાઉ પણ વિવિધ કારણોસર પંચાયતની રહ્યા છે. જોકે, આ વખતે ચૂંટણી ચૂંટણીઓમાં વિલંબ થયાના દાખલા સમયપત્રકમાં ફેરફાર થશે કે નહીં તે રાજ્ય ચૂંટણી પંચના નિર્ણય પર નિર્ભર રહેશે. દાહોદ જિલ્લામાં આગામી ચૂંટણીના સંદર્ભમાં વિવિધ તાલુકાઓની પંચાયતોની સંખ્યા નીચે મુજબ દર્શાવવામાં આવી છે:-દાહોદ-૫૯-ગરબાડા - ૨૩-ઝાલોદ - ૧૯- લીમડી - ૨૮-ફતેપુરા - ૧૪- સુખસર - ૨૦-સંજેલી - ૧૩- લીમખેડા -૮૯-ધાનપુર-૫૦-સિંગવડ-૩૩-દેવગઢ બારિયા - ૫૫ મળી જિલ્લાની કુલ ૩૫૦ પંચાયતોમાં ચૂંટણી ૩,૩૩૨ વોર્ડમાં ચૂંટણી યોજાવાની સંભાવના દર્શાવવામાં વોર્ડની સંખ્યાના આધારે પંચાયતોનું વર્ગીકરણ પણ રસપ્રદ છું. વિગંતો મુજબ, પંચાયતોમાં ૧૦ વોર્ડ, ૩૦ પંચાયતોમાં ૮ વોર્ડ, ૧૨૪ પંચાયતોમાં ૧૨ વોર્ડ અને ૬ પંચાયતોમાં ૧૨ વોર્ડ એવોનું પંચાયતું છે. જ્યારે ગારે મોટી પંચાયતોમાં ૧૬-૧૬ વોર્ડ નોંધાયેલા હોવાની માહિતી આપવામાં આવી છે. જેમાં ગ્રામ પંચાયતની ચૂંટણી ભલે સ્થાનિક સ્વરાજયની ચૂંટણી હોય, પરંતુ ગામડાંના રાજકીય સમીકરણો અને આગામી તેનું મહત્વ વધી જાય છે. વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં ભારતીય જનતા પાર્ટી સહિત કોંગ્રેસ અને અન્ય રાજકીય પક્ષો માટે પણ આ ચૂંટણી સ્થાનિક સરેજનસમર્થન માપવાની કસોટી બની શકે છે. ગામડાંમાં સરપંચ પદના દાવેદારો અને વોર્ડ સભ્યપદના ઉમેદવારોની પસંદગીથી લઈને સ્થાનિક જુએ અને વિકાસના મુદ્દાઓ સુધી અનેક પરિચણો શકે છે.

ગરબાડાના ઝરી બુઝર્ગ ગામે પાક ખાખ

ખેતરમાં મકાઈના તૈયાર પાકમાં અચાનક આગ લાગી

(પ્રતિનિધિ) દાહોદ તા.24

ગરબાડા તાલુકાના ઝરી બુઝર્ગ (ઝરી ગામતળ) ખાતે ખેતીના તૈયાર પાકમાં અચાનક આગ લાગવાની ઘટના સામે આવી છે. ગામના મહિલા ખેડૂત રી કનુબેન રામચંદભાઈના ખેતરમાં તૈયાર થયેલો મકાઈનો પાક કોઈ અગમ્ય કારણોસર સળગી ઊઠતાં બળીને ખાખ થઈ ગયો હતો, જેના કારણે ખેડૂતને ભારે આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. મળતી માહિતી મુજબ, ખેતરમાં કાપણી ધારણ કરી લેતાં સમગ્ર ખેતરમાં તૈયાર મકાઈના પાકમાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં મકાઈનો જથ્થો લપેટમાં આવી ગયો હતો. ઘટનાની જાણ થતાં જ ફાયર દોડી આવી હતી અને ભારે જહમત બાદ વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર ગ્રામ પંચાયત અને મહેસૂલ વિભાગે માહિતી મેળવી આગળની કાનૂની તથા ટીમે સ્થળ પર પહોંચી પંચનામું કરી નુકસાનીનો અંદાજ કાર્યવાહી હાથ ધરી છે.

VHP દ્વારા અપાયેલા ઘોઘંબા બંધને સફળતા, લોકોએ કામધંધા બંધ રાખ્યાં

(પ્રતિનિધિ) હાલોલ તા.24

ઘોઘંબા ખાતે આજરોજ વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા ઘોઘંબા બંધનું એલાન આપવામાં આવ્યું હતું. ઘોઘંબા તાલુકાના એક ગામની યુવા તેનું યુવક દ્વારા ભગાડી જવાની ઘટનાના વિરોધમાં આદિવાસી સમાજ તેમજ સનાતન હિંદુ ધર્મ સમિતિ અને વિશ્વ હિન્દુ પરિષદ તથા બજરંગ દળ દ્વારા બંધનું એલાન આપવામાં આવ્યું હતું છેલ્લા 25 દિવસથી હિન્દુ યુવતીને ભગાડી જનારી યુવક અને તેના પરિવારજનો અને સમાજ દ્વારા કોઈપણ પ્રકારનો સંતોષકારક જવાબ ન આપવામાં આવતા ઘોઘંબા બંધનું એલાન આપવામાં આવ્યું હતું અને આગામી સંજોગોમાં સમયમાં જો દીકરીને પરત આપવામાં નહીં આવે તો વધુ જ અલગ કાર્યક્રમો આપવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવી હતી. આજે રાખવામાં આવેલ બંધ

દરમિયાન સમગ્ર ઘોઘંબા સજજડ બંધ રહ્યું હતું હિન્દુ સંગઠનો માંગ કરી રહ્યા છે કે મુસ્લિમ યુવક દ્વારા ભ ગાડી જવામાં આવેલી યુવતી નો તાત્કાલિક તેના પરિવારજનોને આપવામાં આવે તંત્ર દ્વારા પણ યોગ્ય કાર્યવાહી કરવામાં આવે અને યુવતીના પરિવારને ન્યાય મળે તેવી માંગ કરવામાં આવ્યું છે ઘોઘંબા સજજડ બંધ દરમિયાન કોઈપણ પ્રકારની અનિચ્છનીય ઘટના ન બનતાં તંત્રે હાશકારો લીધો હતો.

વેડ ગામે નિશાળ ફળિયામાં તસ્કરોએ મકાનને નિશાન બનાવ્યું

(પ્રતિનિધિ) દાહોદ તા.24

ધાનપુર તાલુકાના વેડ ગામે નિશાળ ફળિયામાં ગત તારીખ ૨૦મી ઓક્ટોબરના રોજ રાત્રિના સમયે તસ્કરો ત્રાટક્યા હતા અને તસ્કરો નિશાળ ફળિયામાં રહેતા બાવન વર્ષીય રાજેન્દ્રસિંહ અભેસિંહ ચૌહાણ નામના નોકરીયાત ના ઘરની દિવાલમાં આવેલ બારીમાં લગાવેલ લોખંડના સળિયા વાળી તે વાટે ઘરમાં પ્રવેશ્યા હતા. અને રાજેન્દ્રસિંહ ચૌહાણના રૂમમાં મુકેલ લોખંડની તિજોરી ખોલી તિજોરી ના ખાનામાં રાખેલ આશરે અઢીતોલા વજનનું સોનાનું લોકીટ, આશરે અઢી તોલા વજનની સોનાની ચેઈન, તથા રાજેન્દ્રસિંહ ચૌહાણના છોકરા વસંતસિંહના રૂમમાં મુકેલ લોખંડની તિજોરીના ખાનામાંથી આશરે નવ ગ્રામ કુલ વજનની સોનાની વીંટી નંગ ત્રણ, આશરે ૫૦૦ ગ્રામ કુલ વજનના ચાંદીના છાડા નંગ-૨, આશરે ૬૦ ગ્રામ વજનની ચાંદીની લકી નંગ-૧ મળી કુલ રૂપિયા ૧,૮૫,૪૦૦/-ની કુલ કિંમતના સોના-ચાંદીના દાગીના તસ્કરો ચોરીને લઈ ગયા હતા.

ધારાસભ્ય અને જિલ્લા ભાજપ પ્રમુખની ઉપસ્થિતિમાં ચેક અર્પણ કરાયો

જોટવડમાં આગથી ઘરવખરી ગુમાવનાર પરિવારને રૂ.૯૪,૪૦૦ની સરકારી સહાય

(પ્રતિનિધિ) જાંબુઘોડા તા.24

પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા તાલુકાના જોટવડ ગામે આગની દુર્ઘટનામાં ઘરવખરી ગુમાવનાર પરિવારોને કુલ 98,800ની સહાયનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. જોટવડ ગામના નિશાળ ફળિયામાં ગંગાબેન ગોરધનભાઈ તથા મનહરભાઈ મોહનભાઈનાં મકાનોમાં આગ લાગતાં ઘરવખરી અને અનાજ સહિતની સામગ્રી બળીને નષ્ટ થઈ હતી. આ ઘટનામાં અસરગ્રસ્ત બનેલા બંને પરિવારોને ઘરવખરી સહાય પેટે કુલ 98,800નો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે હાલોલ વિધાનસભાના ધારાસભ્ય અને

ગુજરાત પ્રદેશ ભાજપના ઉપપ્રમુખ જયદ્રથસિંહ પરમાર તેમજ પંચમહાલ જિલ્લા ભાજપ પ્રમુખ મયંકભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. આગની ઘટનાને પગલે આર્થિક નુકસાન વેઠનાર બંને પરિવારોને સહાય મળી રહે તે હેતુથી ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

પિતાનું મોત, પુત્રી અને માતા ગંભીર રીતે ઇજાગ્રસ્ત બન્યાં

કાલોલ તાલુકાના ખંડોળી નજીક અજાણ્યા બાઈકચાલકે પદયાત્રીઓને અડફેટે લીધા

(પ્રતિનિધિ) દાહોદ તા.24

ખેડા જિલ્લાના ગળતેશ્વર તાલુકાના અંગાડી (નેપાલપુરા સ્ટેશન વિસ્તાર) ખાતે રહેતા કાંતિભાઈ લક્ષ્મણભાઈ સલાટ (ઉં.વ. ૬૫), તેમના પત્ની સકુનાબેન (ઉં.વ. ૬૦) અને તેમની મોટી પૌત્રી હિરલ (ઉં.વ. ૦૮) તા. ૨૨/૧૦/૨૦૨૬ના રોજ સવારે ઘરેથી પાવાગઢ દર્શન કરવા પગપાળા નીકળ્યા હતા.

ચાલતા-ચાલતા મોડી સાંજે તેઓ ખંડોળી ગામે પહોંચ્યા હતા, જ્યાં અંધારું થઈ જતાં ત્રણેય જણાએ ખંડોળી જલારામ મંદિર ખાતે રાત્રિ રોકાણ કર્યું હતું. બીજા દિવસે એટલે કે તા. ૨૩/૧૦/૨૦૨૬ના રોજ સવારે આશરે ૬:૦૦ વાગ્યે તેઓ મંદિરથી ફરી પાવાગઢ તરફ આગળ ચાલવા નીકળ્યા હતા.

દરમિયાન જલારામ મંદિરથી થોડે દૂર બસ સ્ટેન્ડ નજીક પહોંચતા જ પાછળથી પૂરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલા એક અજાણ્યા મોટરસાયકલ ચાલકે ત્રણેયને જોરદાર અડફેટે લીધા હતા.અકસ્માત સર્જી બાઈકચાલક વાહન લઈને સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. ઘટનાને પગલે આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલિક કાલોલ સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે ગોધરા સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.ગોધરા હોસ્પિટલ ખાતે તબીબોએ તપાસતા કાંતિભાઈ લક્ષ્મણભાઈ સલાટ ઉ.વ.૬૫ ને ગંભીર ઈજાઓ અને કાનમાંથી વધુ પડતું લોહી વહી જવાને કારણે મૃત જાહેર કર્યા હતા. જ્યારે ૮ વર્ષની માસૂમ બાળકી હિરલને માથા તથા કપાળના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હોવાથી તબીબોએ તેને વધુ સારવાર અર્થે વડોદરા સરકારી હોસ્પિટલ રીફર કરી હતી. મૃતકના પત્ની સકુનાબેનને પણ ડાબા હાથે ઈજાઓ પહોંચી હતી.બનાવ અંગે મૃતકના પુત્ર સુરેશભાઈ કાંન્તીભાઈ સલાટની ફરિયાદના આધારે કાલોલ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા મોટરસાયકલ ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

સુખસર તાલુકાના બલૈયા ખાતે યોગ શિબિર યોજાઈ

(પ્રતિનિધિ) સુખસર,તા.24

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ગાંધીનગરના ખુબ ઉત્સાહિત, પ્રેરણાસ્ત્રોત માર્ગદર્શક ચેરમેન આદરણીય યોગ સેવક શિશપાલ જીનાં માર્ગદર્શન દ્વારા તેમજ ઝોન કો-ઓર્ડીનેટર શ્રીમતી પિન્કીબેનની સલાહ મુજબ દાહોદ જિલ્લાના સુખસર તાલુકામા કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય બલૈયા ખાતે યોગ શિબિર નું આયોજન કરવામાં આવ્યું હતું..જેમાં કે.જી.બી.વી વોર્ડન શકુંતલાબેન પટેલનું ગુજરાત રાજ્ય યોગ બોર્ડ નાં પ્રોટોકોલ બૂક થી સ્વાગત જીલ્લા યોગ કો ઓર્ડીનેટર શ્રી ધુળાભાઈ પારગી દ્વારા કરવામાં આવ્યું હતું.

દૂધપૌંઆની પ્રસાદીનો મોટી સંખ્યામાં હરિભક્તોએ લાભ લીધો

ગોધરા SMVS શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે દિવ્ય શરદોત્સવ ઉજવણી

(પ્રતિનિધિ) ગોધરા તા.24

પંચમહાલ જિલ્લાના ગોધરા શહેરમાં આવેલા SMVS શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે શુક્રવાર, તા. ૨૩ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ દિવ્ય શરદોત્સવ તથા અઠવાડિક સત્સંગ સભાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક ઉત્સવમાં ગોધરા ઝોનના ગોધરા શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં પુરુષ અને મહિલા હરિભક્તો સહપરિવાર ઉપસ્થિત રહી ભક્તિભાવપૂર્વક શરદોત્સવની ઉજવણીમાં જોડાયા હતા.

શરદોત્સવના આ પાવન અવસરે મંદિર પરિસરમાં ભક્તિમય અને આધ્યાત્મિક વાતાવરણ સર્જાયું હતું. પૂજ્ય સંતો દ્વારા હરિભક્તોને ધર્મ, ભક્તિ, સત્સંગ અને જીવનમાં સદાચારનું મહત્ત્વ સમજાવતી દિવ્ય કથાવાર્તાનો લાભ આપવામાં આવ્યો હતો. પૂજ્ય સંતોના આશીર્વચન અને પ્રેરણાદાયી સત્સંગથી ઉપસ્થિત હરિભક્તોએ આધ્યાત્મિક આનંદની અનુભૂતિ કરી હતી. કાર્યક્રમ દરમિયાન પુરુષ તથા મહિલા હરિભક્તો માટે દિવ્ય રાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

ભક્તિભાવ અને ઉત્સાહ સાથે હરિભક્તોએ રાસમાં ભાગ લઈ શરદોત્સવની ઉજવણીને યાદગાર બનાવી હતી. પરંપરાગત ધાર્મિક ભાવના અને સત્સંગના માહોલ વચ્ચે સમગ્ર મંદિર પરિસર ભક્તિમય બની ગયું હતું. શરદોત્સવના વિશેષ આકર્ષણરૂપે હરિભક્તો માટે દૂધપૌંઆની વિશિષ્ટ પ્રસાદીની વ્યવસ્થા કરવામાં આવી હતી. સત્સંગ સભા પૂર્ણ થયા બાદ હરિભક્તોએ પ્રસાદીનો લાભ લીધો હતો. સહપરિવાર ઉપસ્થિત રહેલા સત્સંગી પરિવારોમાં પણ ઉત્સાહ અને આનંદ જોવા મળ્યો હતો. SMVS શ્રી સ્વામિનારાયણ મંદિર, ગોધરા ખાતે યોજાયેલા આ દિવ્ય શરદોત્સવ દ્વારા હરિભક્તોને સત્સંગ, ભક્તિ, ધાર્મિક પરંપરા અને સામૂહિક આધ્યાત્મિક આનંદનો સુંદર અવસર પ્રાપ્ત થયો હતો. પૂજ્ય સંતોની કથાવાર્તા, દિવ્ય રાસ અને વિશિષ્ટ હું પ્રસાદી સાથે શરદોત્સવની ઉજવણી ભક્તિમય વાતાવરણમાં સંપન્ન થઈ હતી. આમ, ગોધરા SMVS શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે યોજાયેલી દિવ્ય શરદોત્સવ સત્સંગ સભામાં મોટી સંખ્યામાં હરિભક્તોની ઉપસ્થિતિએ ધાર્મિક ઉત્સવની શોભામાં વધારો કર્યો હતો.

૧.૨૫ કરોડની લાલચમાં નિવૃત્ત કર્મચારીએ ૩.૩.૩૮ લાખ ગુમાવ્યા

(પ્રતિનિધિ) દાહોદ તા.24

તારીખ ૧૪-૧૦-૨૦૨૬ ના રોજ બપોરના સવા વાગ્યાના સુમારે દાહોદ ગોદી રોડ, પશુપતિનાથ નગરમાં રહેતા નિવૃત રેલવે કર્મચારી પ્રેમસિંહ ભવરસિંહ રાઠોડને તેમના મોબાઈલ માં પાંચ રૂપિયાની જૂની બતાવી હતી. અને આવી પાંચ ટ્રેક્ટર વાળી એક ચલણી નોટની એડ રૂપિયાની જૂની ચલણી નોટો અમે લઈએ છીએ અને બદલામાં અમો પાંચ રૂપિયાની જૂની ત્રણ નોટના ૧ કરોડ, ૨૫ લાખ ૧૭ હજાર રૂપિયા આપીએ છીએ, તેમ કહી લાલચ આપી તેઓના ફોન પે તથા સ્કેનરમાં તારીખ ૧૫-૧૦-૨૦૨૯ તથા તારીખ ૧૫-૧૦-૨૦૨૬ ના રોજ ઓનલાઈન રૂપિયા ૩,૩૮, ૫૩૨/-તેઓના ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધા બાદ ફોન બંધ કરી દેતા રેલવેના નિવૃત્ત કર્મચારી પ્રેમસિંહ રાઠોડને પોતાની સાથે છેતરપિંડી વિશ્વાસઘાત થયાનું જણાઈ આવતા તેઓએ આ સંબંધે દાહોદ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આ સંદર્ભે પ્રીતમ શર્મા, આરીફ, રશ્મિ રેખા, રામચંદ્ર, રોબિન, કલ્યાણસિંહ તથા સોહિલ વગેરે સામે ફરિયાદ નોંધાવી છે.

વેજલપુર પોલીસમથકે ફરિયાદ નોંધાઈ

અડાદરા ગામ પાસે બેદરકાર બાઈક ચાલકે વૃદ્ધાને ટક્કર મારી

(પ્રતિનિધિ) કાલોલ તા.24

કાલોલ તાલુકાના અડાદરા ગામ પાસે એક માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. પાંચપથરા તરફથી પૂરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલા બાઈક ચાલકે એક વૃદ્ધાને પાછળથી ટક્કર મારી દીધી હતી. આ અકસ્માતમાં વૃદ્ધાને માથાના ભાગે અને શરીરે નાની-મોટી ઈજાઓ પહોંચી છે. ઘટના બાદ બાઈક ચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. અડાદરા ગામના વાલ્મીકિવાસ ફળિયામાં રહેતા ૬૭ વર્ષીય પૂનમભાઈ મડાભાઈના જણાવ્યા અનુસાર તેમના પત્ની સુશીલાબેન ઘરેથી કામકાજ અર્થે બજારમાં જવા નીકળ્યા હતા. સવારે સાડા અગિયાર વાગ્યાના સુમારે ઘરથી થોડે દૂર રોડ પર અકસ્માત થતાં લોકો એકઠા થઈ ગયા હતા. પૂનમભાઈએ સ્થળ પર જઈને જોયું તો તેમના પત્ની સુશીલાબેન લોહીલુહાણ હાલતમાં રોડ પર પડેલા હતા. સ્થાનિકોની પૂછપરછ કરતા જાણવા મળ્યું હતું કે, બાઈક નંબર GJ 17 CQ 1388 ના ચાલકે પોતાની બાઈક બેદરકારીપૂર્વક હંકારી સુશીલાબેનને પાછળથી ટક્કર મારી હતી.અકસ્માત બાદ ઈજાગ્રસ્ત સુશીલાબેનને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલમાંથી જરૂરી તબીબી સારવાર અને સીટી સ્કેન કરાવ્યા બાદ પૂનમભાઈએ આ અંગે વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે

એકની અટકાયત, મુખ્ય આરોપી ફરાર

અલાલી ગામેથી ૧૬,૬૪૮નો ગેરકાયદેસર વિદેશી દારૂ અને બીયરનો જથ્થો ઝડપાયો

(પ્રતિનિધિ) કાલોલ તા.24

પંચમહાલ જિલ્લાના વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ આવતા અલાલી ગામે પોલીસે દારૂના ગેરકાયદેસર વેચાણ પર દરોડો પાડી ૧૬,૬૪૮ ની કિંમતનો વિદેશી દારૂ તથા બીયરનો જથ્થો જપ્ત કર્યો છે. આ દરોડા દરમિયાન પોલીસે એક આરોપીની સ્થળ પરથી ધરપકડ કરી છે, જ્યારે મુખ્ય આરોપી પોલીસને જોઈને ફરાર થઈ જવામાં સફળ રહ્યો હતો.

વેજલપુર પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારી દર્શનસિંહ યોગેન્દ્રસિંહ અને તેમની ટીમ ૨૩ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન ખાનગી બાતમીદાર દ્વારા ચોક્કસ બાતમી મળી હતી કે, અલાલી ગામના મોટા ફળીયામાં રહેતો હિતેશકુમાર મહેન્દ્રભાઈ પરમાર બહારથી વિદેશી દારૂ લાવીને તેના માસા રમણસિંહ અનોપસિંહ જાદવના ઘરે સંતાડી રાખે છે અને ત્યાંથી છૂટકમાં દારૂનું વેચાણ કરે છે.બાતમીના આધારે પોલીસે બે સ્વતંત્ર પંચોને સાથે રાખી અલાલી ગામે વાય ફળીયામાં આવેલા રમણસિંહ જાદવના રહેણાંક ઘરમાં દરોડો પાડ્યો હતો.ઘરમાં તપાસ કરતા ખાટલા પાછળથી ખાખી પૂઠ્ઠાના બોક્સ મળી આવ્યા હતા. તેની ચકાસણી કરતા નીચે મુજબનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો: દરોડા દરમિયાન રમણસિંહ અનોપસિંહ જાદવે કબૂલ્યું હતું કે આ દારૂનો જથ્થો તેમનો ભાણો હિતેશકુમાર પરમાર મુકી ગયો હતો અને વેચાણ માટે લઈ જતો હતો.પોલીસે રમણસિંહ જાદવની સ્થળ પરથી અટકાયત કરી છે, જ્યારે હિતેશકુમાર પરમાર હાજર મળી આવ્યો ન હતો. પોલીસે તેને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા છે.

દાહોદ પાસેના ત્રિપલ અકસ્માતની ઘટનામાં કિશોરનું મોત નીપજ્યું

(પ્રતિનિધિ) દાહોદ તા.24

દાહોદ જિલ્લામાં સર્જાયેલા ભયાનક ત્રિપલ અકસ્માતના મામલામાં માતમ વધુ ઘેરો બન્યો છે. અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા ૧૪ વર્ષીય કિશોરે સારવાર દરમિયાન દમ તોડી દેતાં આ દુર્ઘટનામાં કુલ મૃત્યુઆંક વધીને ૪ પર પહોંચ્યો છે. મળતી માહિતી મુજબ, ફ્રૂઝર ગાડી, ઈકો ગાડી અને બાઈક વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ૧૪ વર્ષીય યોગેશ અરવિંદ ભૂરિયા ગંભીર રીતે ઘાયલ થયો હતો. યોગેશ પોતાના સાથી મિલન સાથે બાઈક પર સવાર હતો તે સમયે આ કાળમુખો અકસ્માત સર્જાયો હતો. અકસ્માત બાદ યોગેશને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન તેણે આખરી શ્વાસ લીધા હતા. ઘટનાને પગલે પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી છે. અગાઉ ત્રણ લોકોના મોત નીપજ્યા બાદ હવે વધુ એક માસૂમ કિશોરનું મોત થતાં સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટી અને શોકની કાલિમા છવાઈ ગઈ છે.

લીમખેડા ખાતે સનાતન વર્લ્ડ પરિવારના પરમાધ્યક્ષ પધાર્યાં

પરમ પૂજ્ય મહામંડલેશ્વર શ્રી શૈલેષાનંદજી મહારાજનું સ્વાગત

(પ્રતિનિધિ) સુખસર,તા.24

સનાતન વર્લ્ડ પરિવારના પરમાધ્યક્ષ તથા વેદાશ્રમ ચાણોદ, શ્રી માનસ મંદિર દિલ્હી અને શ્રી શિવમંદિર, જલપુરા, ગ્રેટર નોઈડા આશ્રમ પિઠાધીશ્વર પરમ પૂજ્ય અનંતશ્રી વિભૂષિત પરમહંસ પરિવ્રાજકાચાર્ય, શ્રોત્રીય બ્રહ્મનિષ્ઠ મહામંડલેશ્વર ૧૦૦૮ શ્રી શૈલેષાનંદજી મહારાજ આજ રોજ લીમખેડા પધારતાં તેમનું ભાવભીનું અને ભવ્ય સ્વાગત-સન્માન કરવામાં આવ્યું હતું. પરમ પૂજ્ય મહારાજશ્રીના પાવન આગમનથી સમગ્ર વિસ્તારમાં આધ્યાત્મિક આનંદ અને ભક્તિભાવનો માહોલ સર્જાયો હતો. પૂજ્ય મહારાજશ્રીનું સનાતન વર્લ્ડ પરિવાર અને રાષ્ટ્રીય હિન્દુ સંઘ પ્રચારક રીકેશભાઈ પ્રજાપતિ દ્વારા

પુષ્પગુચ્છ, પુષ્પહાર તથા પરંપરાગત રીતે સ્વાગત કરી આશીર્વાદ પ્રાપ્ત કરવામાં આવ્યા હતા.

સનાતન ધર્મની પ્રાચીન પરંપરાઓ, વૈદિક સંસ્કૃતિ, આધ્યાત્મિક જ્ઞાન અને ભારતીય સંસ્કારોના સંવર્ધન માટે સંતો-મહાત્માઓનું માર્ગદર્શન સમાજને નવી દિશા અને પ્રેરણા આપે છે.